મીઠા અને મીઠા આધારીત ઉત્પાદન માટે
ભાડાપટ્ટે આપવાની જમીનના ભાડાપટ્ટાની
મુદત ૩૦ (ત્રીસ) વર્ષ કરવા અંગે.

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

ઠરાવ ક્રમાંક: મહજ/૧૫૯૭/ ૧૩૭૨ / અ.૧

સચિવાલય, ગાંધીનગર.

તા:૦૯/૧૦/૨૦૧૭

સંદર્ભ : (1) મહેસૂલ વિભાગનો તા.૨૨/૭/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક: મહજ/૧૦૮૩/૭૨૭૯૨/ક

(2) મહેસૂલ વિભાગનો તા.૧૦/૧૦/૨૦૦૦નો ઠરાવ ક્રમાંક: મહજ/૧૫૯૭/૧૩૭૨/ક

<u>પ્રસ્તાવના :-</u>

મીઠા અને મીઠા આધારીત ઉત્પાદન (Salt & Salt related Industries/Products) માટે સરકારી પડતર જમીન ૧૦ વર્ષ માટે ભાડાપટ્ટે આપવાની સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ છે. ૧૦ વર્ષ માટે ભાડાપટ્ટે આપવાની હાલની નીતિમાં સુધારો કરીને ભાડાપટ્ટાની મુદત વધારવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**-: ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે મીઠા અને મીઠા આધારીત ઉત્પાદન માટે ભાડાપટ્ટે આપવાની જમીનના ભાડાપટ્ટાની મુદત ૧૦ વર્ષથી વધારીને નીચેની શરતોને આધીન ૩૦ (ત્રીસ) વર્ષ કરવાનું ઠરાવવામાં આવે છે.

શરતો :

1) મીઠા અને મીઠા આધારીત ઉત્પાદન માટે ૩૦ (ત્રીસ) વર્ષ માટે ભાડાપટ્ટે ફાળવેલ સરકારી પડતર જમીન, ભાડાપટ્ટે ફાળવેલ હુકમથી ૦૨ (બે) વર્ષની અંદર ઉત્પાદન શરૂ કરવાનું રહેશે અને નિયમોનુસારની રોયલ્ટીનું અચૂકપણે ચુકવણું કરવાનું રહેશે. આ શરતના પાલન અંગે ઉદ્યોગ અને ખાણ વિભાગનો અભિપ્રાય મેળવવાનો રહેશે.
2) પટ્ટેદાર સમયસર ભાડુ ન ભરે કે અન્ય શરતોનું પાલન ન કરે તો તેની સામે નિયમોનુસાર પગલાં લેવાના રહેશે.
3) પટ્ટેદાર સળંગ ૦૨ (બે) વર્ષ ભાડુ ન ભરેલ હોય તો તેમની લીઝ સમાપ્ત કરવાની રહેશે. અસમાન્ય સંજોગોમાં ૦૨ (બે) વર્ષથી વધારે સમયગાળા માટે ભાડું ભરેલ ન હોય તો તે ભરી લીઝ ચાલુ રાખવા અંગે સરકારશ્રીની પરવાનગી મેળવવાની રહેશે.

(P.T.O)

ઉક્ત સંદર્ભ - (2) તથા આ અંગેના ત્યારબાદના સરકારશ્રીના ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહે છે. આ ઠરાવ મહેસૂલ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગનો તા.૧૮/૦૯/૨૦૧૭ના રોજ પરામર્શ કરેલ છે તથા ઉદ્યોગ અને ખાણ વિભાગની તા.૧૧/૦૮/૨૦૧૭ અને તા.૦૫/૧૦/૨૦૧૭ ના રોજ નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રેરક જે. પટેલ)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

1. માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
2. માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
3. માન.મંત્રીશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
4. તપાસણી કમિશ્નરશ્રીની કચેરી, સચિવાલય, ગાંધીનગર
5. જમીન સુધારણા કમિશ્નરશ્રીની કચેરી, સચિવાલય, ગાંધીનગર
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
7. નાણાં શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8. ઉદ્યોગ અને ખાણ વિભાગ/નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
9. ડેપ્યુટી સોલ્ટ કમિશનરશ્રી, ભારત સરકાર..............અજન્તા કોમર્શીયલ સેન્ટર આશ્રમ રોડ, અમદાવાદ
10. સર્વે કલેક્ટરશ્રી / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
11. અગ્ર સચિવશ્રી (વિવાદ), સોલા, અમદાવાદ
12. સેકશન અધિકારીશ્રી, ઠ-૨ શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય..........આ ઠરાવની નકલ IWDMS, ONLINE GR BOOK તથા મહેસૂલ વિભગાની વેબસાઇટ પર મુકવા વિનંતી સાથે.
13. નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઇલ / શાખા સિલેક્ટ ફાઇલ